# ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા

# (અઠવાડિક તા.૧૩/૦૫/૨૦૧૯ થી તા.૧૯/૦૫/૨૦૧૯)

# એલ.સી.બી. ખેડા-નડીયાદ

**અગાઉ નડીયાદ શહેરના ટ્રિપલ મર્ડર તેમજ મહેમદાવાદ રેપ વિથ લૂંટ તથા રાજયની ઘરફોડ તેમજ લૂંટના અસંખ્ય ગુનાઓમાં પકડાયેલ સઇડા ગેંગનો ખુખાર અને મહેમદાવાદમાં પાંચ વર્ષની સજા દરમ્યાન વચગાળાના જામીન ઉપરથી છેલ્લા છ વર્ષથી ફરાર કેદીને ઝડપી પાડતી એલ.સી.બી. ખેડા-નડીયાદ.**

**તા.૧૫/૦૫/૨૦૧૯**

પોલીસ મહાનિદેશક, સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ ગુજરાત રાજય ગાંધીનગર નાઓની કચેરીના પત્ર સી.આઇ.સેલ/પે.×ફ./ઝુંબેશ/૭૧૩/૨૦૧૯ તા.૧૦/૦૫/૨૦૧૯ અન્વયે પેરોલ, ફર્લો, વચગાળાના જામીન, પોલીસ જાપ્તામાંથી તેમજ જેલમાંથી ફરારી જેદીઓને પકડવા માટે તા.૧૩/૦૫/૨૦૧૯ થી તા.૧૭/૦૫/૨૦૧૯ સુધીની ખાસ ડ્રાઇવનું આયોજન કરવામાં આવેલ હોય આ ઝુંબેશ પરીણામલક્ષી બનાવવા માટે તમામ પો.સ્ટે. તેમજ એલ.સી.બી તથા એસ.ઓ.જી. તેમજ પેરોલ ફર્લો સ્કવોર્ડના વધુમાં વધુ માણસોનો ઉપયોગ કરી અસરકારક કામગીરી કરવા માટે સુચના કરેલ હોય જે ડ્રાઇવની ગંભીરતાને ધ્યાને લઇ સદર ડ્રાઇવને પરીણામલક્ષી બનાવવા ખેડા જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી નાઓએ ના.પો.અધિ.શ્રી નડીયાદ/કપડવંજ, પો.ઇન્સ. શ્રી એલ.સી.બી./એસ.ઓ.જી./પેરોલ ફર્લો સ્કવોર્ડ તેમજ તમામ પો.સ્ટે.ને સુચના કરેલ જે સુચનાની અમલવારીના ભાગરૂપે શ્રી આર.કે.રાજપુત ઇ.પો.ઇન્સ. એલ.સી.બી. ખેડા-નડીયાદ તેમજ પેરોલ ફર્લો સ્કવોર્ડ પો.સ.ઇ.શ્રી.એમ.એ.ઠાકોર તથા એ.એસ.આઇ. વિજયસિંહ તથા કનકસિંહ તેમજ ધર્મપાલસિંહ અને રૂતુરાજસિંહ, રાકેશકુમાર, અમરાભાઇ નાઓ આજરોજ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો. કનકસિંહ તથા એ.એસ.આઇ વિજયસિંહ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકતના આધારે મહેમદાવાદના ગુનામાં પાંચ વર્ષની થયેલ સજા દરમ્યાન વચગાળાના જામીન ઉપરથી છેલ્લા છ વર્ષથી ફરાર પાકા કેદી નં. ૮૨૩૧૬ ધીરૂભાઇ લાખાભાઇ ચુનારા રહે. સઇડા તા.જી. બોટાદ નાઓને નડીયાદ બસ સ્ટેન્ડ પાસેથી પકડી અટક કરી નડીયાદ ટાઉન પોલીસ સ્ટેશન સોપી વધુ સજા ભોગવવા માટે મધ્યસ્થ જેલ વડોદરા ખાતે જરૂરી પોલીસ જાપ્તા સાથે મોકલી આપેલ છે.

સદરહુ પકડાયેલ ઇસમે આ અગાઉ નડીયાદ શહેરના ટ્રિપલ મર્ડર તેમજ મહેમદાવાદ રેપ વિથ લૂંટ તથા રાજયની ઘરફોડ તેમજ લૂંટના અસંખ્ય ગુનાઓમાં પકડાયેલ સઇડા ગેંગના ખુખાર આરોપીને મહેમદાવાદ પો.સ્ટે.ના રેપ વિથ લુંટના ગુનામાં પાંચ વર્ષની સજા થયેલ હોય જે સજા વડોદરા મધ્યસ્થ જેલમાં ભોગવતો હોય દરમ્યાન તા. ૧૭/૦૭/૨૦૧૩ના રોજ દિન-૩૦ ના વચગાળાના જામીન ઉપર છુટેલ હોય જે જામીન રજા પરથી તા. ૧૬/૦૮/૨૦૧૩ ના રોજ વડોદરા મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનુ હતુ જે હાજર નહી થતા વડોદરા મધ્યસ્થ જેલથી અવારનવાર સ્મુતિપત્રો પાઠવવામાં આવેલ હોય જેની ગંભીરતાને ધ્યાને લઇ છ

વર્ષથી ફરાર થયેલ કેદીને પકડી વધુ સજા માટે જરૂરી પોલીસ બંદોસ્ત સાથે મધ્યસ્થ જેલ વડોદરા ખાતે બાકીની સજા ભોગવવા માટે મોકલી આપેલ છે.




## <u>ચકલાસી પો.સ્ટે. હદના સુરાશામળ તાબે લાલુ સીમવિસ્તારમાંથી રૂ.૩,૯૧,૨૦૦/- ના વિદેશી દારૂ/બિયરના જથ્થા તેમજ વાહનો સાથે એક ઇસમને ઝડપી પાડી વિદેશી દારૂનો ગણનાપાત્ર કેસ કરતી એલ.સી.બી. ખેડા-નડીયાદ તા.૧૫/૦૫/૨૦૧૯</u>

મે.પોલીસ અધિક્ષક સાહેબશ્રી નાઓએ ખેડા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ અસરકારક પેટ્રોલીંગ કરી દેશી/વિદેશી દારૂની પ્રવૃત્તિ નેસ્તનાબુદ કરવા કરેલ સુચનાની અમલવારીના ભાગરૂપે ઇ.પો.ઇન્સ. શ્રી આર.કે.રાજપુત.એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી સ્ટાફના માણસોને સઘન પેટ્રોલીંગ કરી જીલ્લામા વિદેશી દારૂની પ્રવૃત્તિ કરતા ઇસમો તેમજ લીસ્ટેડ બુટલેગરો ઉપર વોચ તપાસ રાખી રેઇડો કરી આવી બદીને ડામી દેવા સુચના કરેલ. જે અનુસંધાને એલ.સી.બી.સ્ટાફના પો.સ.ઇ. વી.એ.શાહ ,એ.એસ.આઇ.વિજયસિંહ, અ.હેડકો. ચંન્દ્રકાંત, પો.કો. રાકેશકુમાર, પો.કો. ગીરીશકુમાર, પો.કો. અમરાભાઇ, પો.કો. કુંદનકુમાર, પો.કો.ધર્મપાલભાઇ, પો.કો.ઋતુરાજસિંહ નાઓ ચકલાસી પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન અ.હેડકો ચંન્દ્રકાન્ત નાઓને મળેલ બાતમી હકીકત આધારે સુરાશામળ તાબે કુનો કુવો લાલુ સીમ વિસ્તારમાં વિદેશી દારૂ/બિયર અંગે રેઇડ કરતા સ્થળ ઉપરથી નટુભાઇ મંગળભાઇ ઠાકોર રહે. સુરાશામળ તાબે કુનો કુવો લાલુ સીમ વિસ્તાર નાઓ મળી આવેલ તેમજ રેઇડ દરમ્યાન અન્ય ઇસમો ભાગી ગયેલ. સદર જગ્યાએથી એક ટાટા કંપનીના ડમ્પર નં. જી.જે ૦૬ વાય.વાય.૪૯૪૪કિ.રૂ. ૧૦૦૦૦૦/-ની અંદર ભરેલી રેતીની નીચે ગુપ્ત ખાનું બનાવી તેમાં વિદેશી દારૂ/બિયરનો જથ્થો તેમજ ડમ્પરની પાસેની ખુલ્લી જગ્યામાંથી મળી કુલ વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ-૮૮૮ કિ.રૂ.૨૬૪૦૦૦/- બિયર ટીન નંગ-૧૨૭૨ કિરૂ.૧૨૭૨૦૦/- નો વિદેશી દારૂ તથા બિયરનો અલગ અલગ માર્કાનો જથ્થો મળી આવેલ તેમજ સ્થળ ઉપરથી એક નંબર વગરની મો.સા. કિ.રૂ. ૪૦,૦૦૦/- તથા આરોપીના અંગ જડતીના

રૂ.૫૬૦ /-તથા એક આધાર કાર્ડ તથા એક ચુંટણી કાર્ડ મળી કુલ્લે રૂ.૧૪,૩૧,૭૬૦/-નો મુદ્દમાલ કબજે કરવામાં આવેલ. જે અંગે ચકલાસી પો.સ્ટે. પ્રોહિ. ધારા હેઠળ ઉક્ત પકડાયેલ ઇસમ તેમજ  અન્યના વિરુદ્ધ ગુનો રજી. કરવામાં આવેલ છે અને સદરહું ગુનાની આગળની વધુ તપાસ વી.એ.શાહ પો.સબ ઇન્સ. એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓ કરી રહેલ છે.








**<u>ડાકોર પો.સ્ટે. હદના શીરોની સીમવિસ્તારમાંથી ભારતીય બનાવટનો પરપ્રાંતનો દારૂ બનાવવાના સાધનો સાથે એક ઇસમને ઝડપી પાડી વિદેશી દારૂનો ગણનાપાત્ર કેસ કરતી એલ.સી.બી. ખેડા-નડીયાદ તા.૧૮/૦૫/૨૦૧૯</u>**

મે.પોલીસ અધિક્ષક સાહેબશ્રી નાઓએ ખેડા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ અસરકારક પેટ્રોલીંગ કરી દેશી/વિદેશી દારૂની પ્રવૃત્તિ નેસ્તનાબુદ કરવા કરેલ સુચનાની અમલવારીના ભાગરૂપે ઇ.પો.ઇન્સ. શ્રી આર.કે.રાજપુત.એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી સ્ટાફના માણસોને સઘન પેટ્રોલીંગ કરી જીલ્લામા વિદેશી દારૂની પ્રવૃત્તિ કરતા ઇસમો તેમજ લીસ્ટેડ બુટલેગરો ઉપર વોચ તપાસ રાખી રેઇડો કરી આવી બદીને ડામી દેવા સુચના કરેલ. જે અનુસંધાને એલ.સી.બી.સ્ટાફના પો.સ.ઇ. વી.એ.શાહ ,એ.એસ.આઇ.પુનમભાઇ, પો.કો.રાકેશકુમાર, પો.કો. અમરાભાઇ, પો.કો. લાલાભાઇ , પો.કો.કેતનભાઇ, પો.કો.હેમંતભાઇ, પો.કો.ઋતુરાજસિંહ, પો.કો. અર્જુનસિંહ નાઓ ડાકોર પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.કો.રાકેશકુમાર નાઓને બાતમી હકીકત મળેલ કે ઠાસરા તાલુકાના બોરડી ગામનો વજેસિંહ ગલાબસિંહ રાઠોડ નામનો ઇસમ શીરોની સીમ વિસ્તારમાં પોતાના ખેતરમાં બનાવટી પરપ્રાંતનું કલર એસન્ટ ,પાણી સ્પીરીટ જેવી વસ્તુ લાવી ભારતીય બનાવટનો પરપ્રાંતનો દારૂ બનાવે છે. જે માહીતી આધારે શીરોની સીમ વિસ્તારમાં વિદેશી દારૂ અંગે પંચો સાથે રેઇડ કરતા સ્થળ ઉપરથી સંજયકુમાર ફતેસિંહ રાઠોડ રહે. બોરડી ગામતા. ઠાસરા જી. ખેડાનાઓને સ્થળ ઉપરથી ૧૫૦ લીટર દારૂ , કિ.રૂ.૩૧૫૦૦/- તથા ૧૨ બોટલ વિદેશી દારૂ કિ.રૂ.૬૦૦૦/- તેમજ દારૂ બનાવવાના સાધનો પીપ ,ડોલ, ખાલી બોટલ, ટબ, ટ્રે, કપડું,પાઇપ, ગળણી , નાળચું મળી કુલ્લે રૂ. ૪૫૧૫૦/-ના મુદ્દામાલ સાથે ખાલી બોટલોમાં દારૂ ભરતા મળી આવેલ હોય તેમજ દારૂ બનાવવાના સાધનો તેમજ દારૂ તેમજ ખેતર વજેસિંહ ગલાબસિંહ રાઠોડનાઓનો હોય ઉકત બંન્ને ઇસમો વિરુધ્ધ ડાકોર પો.સ્ટે. પ્રોહિ. ધારા હેઠળ ગુનો રજી. કરવામાં આવેલ છે અને સદરહું ગુનાની આગળની વધુ તપાસ વી.એ.શાહ પો.સબ ઇન્સ. એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓ કરી રહેલ છે.



